સાલ : ૧૦ / સિલસિલાવાર નંબર : ૧૦૯ / શુમારો : ૧

કુલ પાના - ૧૪

MISHKAAT UL HAADI

مِشْكٰوةُ الْهَادِي

નાશિર : મરકઝે તરબીયતે મુમેનીન, અલ-વિઝારતુલ અલવીયાહ, વડોદરા.

મોહર્રમ-સફર ૧૪૩૪ / નવેમ્બર-ડિસેમ્બર ૨૦૧૨

## શહાદત

અલ્લાહતઆલા ઝિંદગી અને મૌત આપનાર છે. ઈન્સાનને ઝિંદગી મિલે છે તો એનો વક્ત ચંદ કલાકોથી લઈને ચંદ સાલો તક હોય છે. પણ અલ્લાહતઆલાએ મૌતના અમલને એક પલભરમાં મુકેલો છે, આંખની એક મિચકારમાં - ફી લમ્હતિલ બસરમાં મૌત આવી જાય છે. યાઅની કે, બેવે અમલની મુદ્દતમાં અને એને જારી કરવામાં આસ્માન-ઝમીનનો ફરક છે. જે તરહ ઈન્સાનની ઝિંદગી દુનિયામાં, દુનિયામાં આવતા પહેલા અને દુનિયામાંથી ગયા બાદ, એમ તીન તરહની છે, તે મુજબ મૌત પણ ઘણી તરહની છે. મુકર્રર વક્ત પર ઈન્સાનને મૌત આવે છે. પછી તે મૌત કુદરતી હોય યા કત્લો શહાદતની હોય. શહાદતની મૌત, કુદરતી મૌત કરતા અફઝલ-આઅલા છે. આ શહાદતની મૌત અગર એક મુમિનને આવે અને એ ઝુલ્મથી કત્લ થાય તો આમ મૌત કરતા તેમાં બરતરી હોય છે. **જો આ શહાદત મકામાતે રબ્બાનીયહ અને દાઅવતે હાદીયહના રૂત્બાના સાહબને આવે તો તેની ફઝીલત ગૈરમાઅમૂલી હોય છે.** એક આમ ઈન્સાનને એના જિસ્મના આઅઝા નાકામ થાય અને મૌત આવે તેમાં અને કોઈ સાહબે દરજાને, પછી એ નબી, વસી, ઈમામ, દાઈ યા હુદૂદે કિરામમાંથી હોય, શહાદતની મૌત આવે તો એમનો દરજો આમ મૌત કરતા અઝીમતર બલંદ હોય છે. આમ ઈન્સાનની કુદરતી મૌત બાદ એના ઘરવાલાઓ એની હસ્તીને અને એની ઝિંદગીની યાદોને વક્ત જાતા ભુલી જાતા હોય છે. પણ જહાઁ તક, સાહબે દરજાની શહાદતની મૌતનો સવાલ છે, તો એ સાહબને સદીઓ તક એમના માનનારા મુમેનીન-તાબેઈન એમની ઝિક્રે ખૈર કરતા રહે છે.

મૌલાના અલી અમીરૂલ મુમેનીન (અ.સ.) ની શહાદતે ઉઝમા તમામ અંબિયા-ઔસિયા (અ.સ.) કરતા રંજો ગમ

**અશરહ મુબારકહના અય્યામે અઝાદારીની બરકાતે હુસૈનીયહ સાથે મુશ્ફેકીન કારેઈનને ૧૪૩૪ હિ. નું સાલે નૌ મુબારક થાય. હુઝૂરેપુરનૂર વાલિદુલ જમાઅત (ત.ઉ.શ.), આ નવા સાલની ઈબ્તેદા સાથે મુમેનીન વાસ્તે ફલાહો બહેબૂદી અને રિઝકમાં કુશાદગીની દોઆએ ખાસ ફરમાવે છે.**

અને સદમામાં લાસાની છે. તે બાદ ખામિસે અહલે કિસા સૈયેદો શોહદાએ કરબલા મૌલાના ઈમામ હુસૈન (અ.સ.) ની શહાદત રૌઝે તખ્લીકથી કેયામતના દિન તક બેમિસાલ છે. આપની શહાદત સાથે જે તારીખી વાકેઆત અને વારેદાત રૂનુમા થયા હતા તેની ઝિક્ર કરવું યહાઁ મુશ્કિલ છે. તે બાદ હિન્દના પહેલા શહીદે આઅઝમ સૈ. શમ્સુદ્દીન અલી બિન સૈ. ઈબ્રાહીમ સાહબ (આ.કુ.) ની શહાદતે કુબ્રા દોઆતે અકરમીન (આ.કુ.) માં અવ્વલ અને મુફરદ છે. આ સિવાય ઘણા નબીઓ, વસીઓ, ઈમામો અને એમના દોઆતને જમવા-પીવામાં દુશ્મનોએ ઝહેર પહોંચાવું હતું અને એ તમામે શહાદતનું જામ નૌશ ફરમાવું હતું, જેના વાકેઆત તારીખે તૈયેબીમાં મૌજૂદ છે.

શહાદતની મૌતમાં બે કિરદાર હોય છે, એક કાતિલ અને બીજો મક્તૂલ. અપના ઈસ્માઈલી-તૈયેબી અકીદામાં શહાદતનો મરતબો જે સાહબે મકામ - દાઅવતના સાહબ સાથે જોડાયેલો છે, તે તમામ મક્તૂલ માઅસૂમીનમાંથી હોય છે. આ મકામાત દાઅવતે ઈલાહીયહના હુદૂદે જિસ્માનીયહ માંથી હોય, તેઓની આ શહાદતમાં હિક્મતે રબ્બાની અને મશિયતે ઈલાહી ઝલકે છે. શહાદતના લફ્ઝમાં આમ-સમઝની માઅના એ થાય છે કે, એક કાતિલ એના મક્તૂલ પર વાર કરે, એનું જિસ્મ ઝખ્મી થાય, કોઈ આઅઝા પર યા એની ગરદન પર વાર લાગે અને ખૂન જારી થાય અને તે જ હાલતમાં એ ગુઝરી જાય તો

(બકીયાહ પેજ નં. ૨ પર)

**અકલમંદનો સીનો, એની રાઝની વાતોનું સંદૂક છે.**

(પેજ નં. ૧ નું બાકી)

એ "શહીદ" કહેવાય. મગર શહાદતના સહી માઅના ન સમઝવાના સબબ ઝિયાદહતર લોગો આમાં ધોકો ખાય જાય છે અને રબ્બાની મકામાતના સાહબોની શહાદતની માઅનામાં પણ ગલતી કરી બેસે છે કે, કોઈ કાતિલ હમ્લાવર થયો અને એને મૌત આવી ગઈ, આ હદ તક જ સમઝ રાખે છે. જો આ શહાદતને બાતિની મફહૂમમાં અને હકીકતના ઈલ્મની રોશનીમાં સમઝવામાં આવે તો એના માઅના ઘણા જ બારીક અને ગહેરા હોય છે. **શહાદતની માઅના અલ્લાહતઆલાની તૌહીદ, રસૂલુલ્લાહ (સ.અ.વ.વ.) ની રિસાલત, મૌ. અલી (અ.સ.) ની વલાયત અને ઈમામુઝ્ઝમાન (અ.સ.) ની ઈમામત કે જે કેયામત તક કાઇમ-દાઈમ છે, તેની ગવાહી દેવું છે.** હવે શહાદતની આ બધી માઅનાને જોડવામાં આવે તો એક સાહબે મકામની શહાદત એના ઝમાનાના તમામ લોગોની શહાદતનો મજમૂઓ છે. સબબ કે, એમના તાબેઈન-માનનારાઓ એમના મીસાક-બયઅતના દાએરામાં હોય, ઈમામ એ તમામ મુમેનીનના મજમૂઆ હોય છે, જે ઈમામથી તેઓની નજાત અને આલમે રૂહાની તરફ ચઢાઈ થાય છે. **હર મુમિનની વફાત શહાદત જ છે.** તેથી મુમેનીનના અમીર-સરદાર યાઅની સાહબે મકામની વફાત, પછી તે કુદરતી હોય યા કત્લથી હોય, તે શહાદતમાં મુમેનીનની શહાદત મિલેલી હોય છે.

લેહાઝા, કોઈ નબી-વસી-ઈમામ-દાઈ શહાદતના દરજા પર ફાઈઝ થાય છે, તો એમના સાથે ઘણા ઝમાનાઓ તેમજ વક્તોના મુમેનીનની જાનો-નુફૂસને નજાત અને બલંદી હાસિલ થાય છે. ખમ્સતુલ અત્હાર (અ.સ.) અને અઈમ્મતે અબરાર (અ.સ.), તમામ મુમેનીનની જાનોના ખમીરા અને મજમૂઆ હોય છે, જેમ ઈમામથી એમના તાબેઈનની માઅરેફત-પહેચાન થાય, તેમ ઈમામની શહાદતના મરતબાથી એમને માનનારા મુમેનીનને પણ ફૈઝે રૂહાની હાસિલ થાય છે. તેથી જ અસ્હાબે મકામાતની શહાદત થાય છે, તો તેઓ પર ફક્ત ઈન્સાનો-બની આદમ દુનિયામાં તેઓના માનનારા જ માતમ નથી કરતા **પણ આલમે રૂહાનીમાં ફરિશ્તા તેમજ પાક જિન્નાત તેઓ પર આહોઝારી કરે છે.**

મુમેનીન, આ ફક્ત હમેં એના વાસ્તે ઈશારો તેમજ વઝાહત-સમઝ આપીએ છીએ, જેથી હમેં અહલે ઈલ્મે હકીકત અને સાહબે તાવીલ હોય, બીજા જે નુક્તએ નિગાહથી શહાદતે મૌ. અલી મુશ્કિલકુશા (અ.સ.) તેમજ શહાદતે મૌ. હુસૈન (અ.સ.) ને જોઈ છે, તેઓમાં અને હમારામાં ફરક મહેસૂસ થાય. આ શહાદતોં, એક ખારકુલ આદહ - યોગાનું યોગ બનવાનું હતું તે બનું હોય, તેમ વાકેઅ થાતી નથી. પણ તેમાં અલ્લાહતઆલાની એ હિક્મતે ઉઝમા હોય છે કે, આ મકામાતે શરીફહના માનનારાઓ નાના-મોટા ગુનાહોં પર સવાર થાય યા નાફરમાનીના કામોં કરે, તેથી ઈમામ (અ.સ.) એમની શહાદતના દૌરાન પોતાના મુમેનીન તકલીફ-મુસીબત-દિક્કતોંથી બચી જાય તેની દોઆ ફરમાવે છે. ખમ્સતુલ અત્હાર (અ.સ.) આપના શહાદતના વક્ત અકસર ફરમાવે છે કે, **હમેં હમારી ઉમ્મતની મગફેરતને વાસ્તે શહાદતને ઈખ્તિયાર કીધી છે.** કૂફાની મસ્જિદમાં મૌ. અલી (અ.સ.) એ "**ફુઝ્તો વ રબ્બિલ કાઅબા**" ના કલેમાતે ખાસ્સહ ફરમાવા અને કરબલાએ મુઅલ્લામાં યૌમે આશૂરા મૌ. હુસૈન (અ.સ.) એ શિમ્ર લઈને જે વક્ત આપને બેઆબ ખંઝરથી ઝબેહ કીધા, તે વક્ત આપની ઝબાને મુબારકથી ઉમ્મતની મગફેરત સિવાય કોઈ બીજા અલ્ફાઝ અદા થયા ન હતા. તેથી સાબિત થાય છે કે, આ અઝીમ શહાદતોંના દૌરાન સાહબે મકામાતના જિસ્મો માંથી ખૂન નિકલે અને આપ જાન મૂકી દે ત્યાં તક મહેદૂદ નથી. પણ આ શહાદતોંમાં ઉમ્મતના ગુનાહોંની મગફેરત અને આવનાર ઝમાનાના લોગો વાસ્તે ઈબરત અને સબક પિન્હા અને વાબિસ્તા હોય છે. અલ્લાહતઆલાની રાહમાં શહીદ થાનાર વાસ્તે આયતે શરીફહ છે કે, "**વલા તહસબન્નલ્લઝીના કોતેલૂ ફી સબીલિલ્લાહે અન્વાતા, બલ અહયાઓ ઈન્દા રબ્બેહીમ યુરઝકૂન**", યાઅની કે, તમે એમ ગુમાન ન કરો કે, સબીલે ઈમામતમાં જે શખ્સ પોતાની જાનને કુરબાન કરે છે તેઓ મરી જાય છે પણ હક્કન હક્કા ઝિંદા જ રહે છે. આજે પણ આ હમૈશગીની ઝિંદગીના સબબ મૌ. ઈમામ હુસૈન(અ.સ.) નું "**યા હુસૈન**" નું માતમ ઝમાનામાં જારી-સારી છે કે, જે કરબલાના હર માઅરકાની ઝિક્રના વક્ત અઝાદારોંની નુસરત અને મદદ વાસ્તે અને સવાબમાં દાખિલ કરવા વાસ્તે આકા હુસૈન હર લમ્હા હાઝિર હોય છે અને મુમેનીનની મજલિસે અઝામાં શરીકો શામિલ હોય છે. ✫

**જે બીજાના સહી મશ્વરા અને નૈક સલાહને ન માને એ હલાક થાશે.**

## તસ્બીહે મુજર્રબ

અલ્લાહતઆલા કુરઆને કરીમમાં પોતાના અંબિયા (અ.સ.) વાસ્તે મુખ્તલિફ દોઆઓ નાઝિલ ફરમાવે છે. એની બારગાહમાં કયા અલ્ફાઝથી પૈશ થાવું અને ઈન્સાન પોતાની ઝિંદગીમાં કઈ કઈ મોહતાજગીઓનો સામનો કરે છે, તે તમામ અંબિયા (અ.સ.) ના કિસ્સાઓના ઝરીએ અલ્લાહતઆલાએ એના કલામમાં બતાવેલું છે. કુરઆને કરીમમાં મૌ. આદમ સફીયુલ્લાહ (અ.સ.), મૌ. મૂસા કલીમુલ્લાહ (અ.સ.) અને મૌ. યૂસુફ (અ.સ.) ના કિસ્સા ઘણી બારીકાઈ સાથે બયાન થયેલા છે. હર નબીના કિસ્સામાં ઈન્સાન વાસ્તે હિકમત અને ઈબ્રતના ભરપૂર ખઝાના છે. મૌ. ઝકરીયા (અ.સ.) ની ઉમ્રની દરાઝગી સાથે આપ અલ્લાહતઆલાની બારગાહમાં નૈક ઔલાદ અને આપના વારિસ વાસ્તે દોઆ ફરમાવે છે.

ઔલાદ મોટી નેઅમત છે અને દીનદાર ઔલાદનું હોવું માઁ-બાવાજી વાસ્તે મોટી નૈકબખ્તી છે. ઔલાદથી દૌલત અને માલ-અસ્બાબમાં બરકત છે. દુનિયામાં ઔલાદના સબબ વાલેદૈન વાસ્તે હર વક્ત આઝમાઈશ છે અને તેમાં કામિયાબ થાવું અઝીમ સવાબનું કામ છે. મૌ. ઝકરીયા (અ.સ.) એ નીચે આપેલી દોઆ ખૂબ આહોઝારી સાથે પઢી અને થોડા જ અરસામાં અલ્લાહતઆલાએ આપને નૈક ફરઝંદ, આપના વારિસ, વલી અને વસી મૌ. યાહ્યા (અ.સ.) અતા ફરમાવા. આપે અલ્લાહનો ખૂબ શુક્ર અદા કીધો અને લાડલા યાહ્યા આપની આઁખોની ઠંડક બના.

**" રબ્બે લા તઝરની ફરદન વ અન્તા ખૈરૂલ વારેસીન "** યાઅની, અય મારા રબ, તું મને એકલો તને તન્હા ન છોડી દે. મને તું વારિસ અતા કર કેમકે તું વારિસોંમાં ખૈર છે.

જે મુમેનીન પોતાની ઔલાદની શાદી ખાના આબાદી ચાહતા હોય યા ભલા વારિસ કે નૈક ઔલાદની ઉમ્મીદ રાખતા હોય, તો ૪૦ દિન તક રોઝ રાતે વુઝૂની હાલતમાં કિબ્લા રૂખ બેસીને ૭૦૭ વાર ઉપર ઝિક્ર કરવામાં આવેલી દોઆ પઢે. ઈન્શાઅલ્લાહ અંબિયા-ઔસિયા (અ.સ.) ના કલામ અને વસીલાથી કીધેલી દોઆ મકબૂલ થાશે. ✯

## " ફિક્રની ગલીઓ, બનાવી ગયા છે વલીઓ "

**: છેલ્લી ઘડીનું ઇમાન :**

અલ્લાહતઆલા સૂરતુલ ગાફિરના આખિરમાં ફરમાવે છે કે, ઈમાનની શરતોનો ઈન્કાર કરનાર કેટલા ખોટ અને ખસારામાં છે કે, તેઓ જે વક્ત સામે આવતો અઝાબે ઈલાહી જોય છે તો ઈમાનની વાતો કરતા થઈ જાય છે, અલ્લાહના વલીયો સિવાય અલ્લાહને એકલો માનવાની તૈયારી બતાવે છે અને કહે છે કે, **" હમેં જે શિર્ક કરતા હતા તેનો હવે ઈન્કાર કરીએ છીએ. "** અઝાબનો અહેસાસ કીધા બાદ તે કાફિરોનું આ તરહનું બનાવટી ઈમાન તેઓને કોઈ ફાયદો કરશે નહીં. મૌલાના અલી અમીરૂલ મુમેનીન (અ.સ.) ને મુકનાર મુશ્રિકોં જે વક્ત બિસ્તરે મૌત પર આપને અઝાબ લઈને આવતા જોશે તો તે વક્ત ઈમાન કુબૂલ કરવાનો કોઈ વક્ત મિલશે નહીં. ઈમાન તો તે ઈમાન છે કે, જે કોઈ મતલબ યા ખૌફથી ન હોય પણ દિલની તહારતથી હોય.

મોતવક્કિલ અબ્બાસી ખલીફા પાસે એક નસ્રાની શખ્સ લાવવામાં આવો કે, જેએ એક મુસ્લેમહ બૈરો સાથે બદકારી કીધી હતી. મોતવક્કિલે તેના પર સઝા ફટકારી કે ફૌરન તે નસ્રાની ઈસ્લામ લઈ આવો અને ઝોરથી કલેમો પઢો. આ બાબતમાં કોઈ ફત્વાબાઝે કહ્યું કે, તેનું ઈસ્લામ લાવવું તેના પહેલાના શિર્ક અને બદકારીને ખતમ કરી ચુકું છે, લેહાઝા, તેને કોઈ સઝા બગૈર છોડી મુકવામાં આવે. મગર, આલિમે અહલે બૈતે આ કૌલ પર એમ કહ્યું કે, તે નસ્રાનીને ઝરૂર સઝા આપો, તેને મારો યહાઁ તક કે, તે જાન મુકી દે. તેની કોઈ દલીલ સાંભલવામાં ન આવે કેમકે, તે તેના ગુનાહનો અઝાબ જોઈને ઈસ્લામ લાવો છે, તેનો આ અમલ મુખ્લેસાના નથી પણ મજબૂરી પર છે. ફિરઔન પણ દરિયામાં ગરક થાવાના અઝાબને જોઈને શહાદતનો કલેમો પઢો, આના બાવુજૂદ તે અઝાબથી છટકી ન શકો! તેને કહેવામાં આવું કે, અય બેહયા! તું હવે ઈમાન લાવે છે? હક્ક તો એ છે કે, તું પહેલાથી જ ગુનાહગાર હતો! ગરગરહ-મૌતની હાઝિરીના વક્ત ઈસ્લામનો કલેમો પઢવો ગૈર મકબૂલ છે.. ✯

**લોગોએ માનેલું ખૈર, ખૈર છે જ નહીં જે જહન્નમ તરફ લઈ જાય અને તે શર, શર છે જ નહીં જે જન્નત તરફ લઈ જાય.**

## ઈબરતનાક અહાદીસે બની ઈસ્રાઈલ – કિસ્સો ૪ :

**અલ્લાહતઆલા " આઅદલુલ આદેલીન " છે, યાઅની તમામ અદલ (ઈન્સાફ) કરનારાઓ વાસ્તે અદલનો કરનાર.**

હર કૌમમાં સાલેહીન - નૈકી કરનારાઓ પણ હોય છે અને ફાસેકીન - બદ કિરદારવાલા પણ હોય છે. બની ઈસ્રાઈલમાં પણ આ જ હાલત હતી. કોઈ ખૈરપસંદ હતા તો કોઈ શરપસંદ હતા. શરપસંદ લોગોમાંથી ૧૦ જણાની એક શયતાની ટોલી હતી. તેઓ એક ગામમાં જમા થયા જ્યાં બદકારી, ફહેશકારી અને શરાબખોરીની હર ચીઝ મૌજૂદ હતી. બદમઆશી અને તૂફાન કરવા વાસ્તે તેઓ કોઈપણ હદે જઈ શક્તા હતા. જવાન બૈરોને સતાવવા તેમજ બેહુરમતી કરવા તેઓ તરહ-તરહના મકરો ફરેબ કરતા અને લોગોને પરેશાન કરતા હતા. ખુદાતઆલાએ તેઓમાંથી એક શખ્સના દિલમાં તૌબાની તૌફીક ઉતારી અને એ પોતાના કરતૂત પર પસ્તાવો કરવા લાગો. ખુદાની બારગાહમાં ઘણો રોયો અને પોતાના ચહેરા પર ખાક ઉડાવવા લાગો. જે કઈ પોતાના પાસે શર કામોનો સામાન હતો તેને જલાવી દીધો. પોતાના સાથીદારોંને કોઈ ચીઝ બતાવા બગૈર એ ગામ છોડીને ચાલો ગયો અને જંગલોમાં દિન-રાત આસરો ઢુંઢવા લાગો.

ચંદ દિનો બાદ એને ઈબાદતગુઝારોનો એક ગિરોહ મિલો જેઓ એ શખ્સની હકીકતથી ખબરદાર થયા. તેઓને એના પર રહેમ આવો અને એને ગિરોહમાં શામિલ કરી દીધો. એ શખ્સે પોતાની એક ઝૂંપડી બનાવી અને ખુદાની ઈબાદતમાં પોતાને મશ્ગૂલ કરી દીધો. દિનમાં એ રોઝૂં રાખતો અને રાતે ઝયતૂનના ૨૧ દાનાથી ઈફ્તાર કરતો. અય્યામ ગુઝરતા ગયા અને ત્યાં નઝદીકમાં ચંદ ગામોમાં એની ઈબાદતની ચર્ચા થાવા લાગી અને એ ઘણો જ મશ્હૂર થઈ ગયો. ગામના લોગો એનાથી હિદાયત લેવા એની ઝૂંપડી પર આવવા લાગા.

જે બદમઆશોની ટોલીમાં પહેલા એ હતો, તેઓ આ શખ્સની તલાશમાં જ હતા. તે ૯ જણાને ખબર પડી કે, આ ઈબાદતગુઝાર બીજો કોઈ નથી પણ તેઓની ટોલીનો જ એક મેમ્બર છે, તો એને બદનામ કરવા, બદલો લેવા તેઓ એના પાછલ પડી ગયા. જે ગામમાં તેઓ બદકારી કરતા હતા ત્યાં એક ઝિનાખોર ઔરતને લાલચ આપી. તેઓએ ૫૦ દિરહમમાં સોદો નક્કી કીધો અને એ ઔરતને કહ્યું કે, તને ફલાઁ શખ્સની ઝૂંપડીમાં કોઈ પણ ચાલ ચાલીને, હીલો કરીને રાત ગુઝારવાની છે. હમેં સવારે ગામના મોટા લોગો સાથે ત્યાં આવીશું અને મુલાકાતના બહાને એની ઝૂંપડીમાં દાખિલ થઈશું. તું તારા જિસ્મની નુમાઈશ સાથે હમારા સામે આવજે. હમેં જે વક્ત તને ત્યાં હોવાનો સબબ પૂછીએ, તો તું હમને અને ગામવાલાને કહેજે કે, "તું તો એ ઝૂંપડીમાં રોઝ રાતે આવે છે, રાત ગુઝારે છે અને આ આબિદ શખ્સ તારી હર હાજતને પૂરી કરે છે અને હમણા **તું તેની સોહબતના સબબ હામેલ છે અને ચંદ દિનો બાદ એના બચ્ચાની માઁ બનનાર છે."**

બદકાર ઔરત જેમતેમ કરીને, એ આબિદને પોતાના મકરો દગાની જાલમાં ફસાવીને એની ઝૂંપડીમાં દાખિલ થઈ ગઈ. થોડી વાર તક ઝૂંપડીના એક કોણામાં પડી રહી અને પછી આબિદને કહેવા લાગી કે, અય આબિદ! તુંને ઝરા પણ મારા પર રહેમ નથી આવતો! કાતિલ ઠંડીના સબબ મારૂં જિસ્મ કાંપી રહ્યું છે અને મારા પેટમાં ખૂબ દર્દ છે. તું આગ સિલગાવ અને મારા પેટ પર ગરમ તેલ લગાવ. આમ કહીને એ મકરબાઝ ઔરત આબિદને નઝદીક પેટ ખોલીને સુઈ ગઈ અને આબિદનો હાથ પકડીને એના પેટ પર ફિરાવવા લાગી. પોતાનું માથું આબિદની આગોશમાં મુકીને ઝોર-ઝોરથી ચિલ્લાવવા લાગી. એ જે કઈ આબિદને કરવાનું કહે, આબિદ કરતો ગયો પણ બદકારીથી પોતાને બચાવતો રહ્યો.

જે વક્ત ફજર થઈ તો તે ૯ બદમઆશો, ગામના ચાર મોટા શૈખોને લઈને આબિદની ઝૂંપડીમાં આવી પહોંચા, જેના ઈન્તેઝારમાં બદકાર ઔરત બેસેલી હતી. તે વક્ત આબિદ એના વાસ્તે રોટી બનાવતો હતો. તમામે પૂછ્યું કે, **અય ઔરત! તું યહાઁ આ આબિદને ત્યાં શું કામ?** ઔરતે જવાબમાં તે તમામ વાતોં કહી સંભલાવી જે બદમઆશોએ શીખાવી હતી. ઔરતે આબિદ પર બદકારી અને ઝિનાની બુરી તોહમત લગાડી. ૯ બદમઆશો, ૪ શૈખો, ઔરત અને આબિદ, ગામના હાકિમ પાસે પહોંચા અને ખોટા કસમ ખાઈને, ખોટી શાહેદી આપીને તમામે આબિદને ખિલાફ ગવાહી આપી. હાકિમના હુકમથી

(બકીયાહ પેજ નં. ૭ પર)

**જે શખ્સનો નુત્ફો એના માઁના રહેમમાં ભૂંડાશ પર નંખાશે, એના શરને દુનિયાનું કોઈ ખૈર બદલી શકશે નહીં.**

## રસૂલુલ્લાહ (સ.અ.વ.વ.) ની ૧૨ સુન્નતો
## ભલાઈના કામોંનો હુકમ કરવો, બુરાઈથી બચવું અને હર વક્ત સાચુ બોલવું - કિસ્ત - ૨

ચોથા ઈમામે આલે હક્ક મૌ. મોહંમદુલ બાકિર (અ.સ.) ફરમાવે છે કે, "ખુદાતઆલા જે વક્ત મુમિનને કબરમાંથી ઉઠાડશે તે વક્ત એક જમાલદાર હસીન નૂરાની તસ્વીર તેના સાથે થઈ જાશે. જે વક્ત તે મુમિન યૌમે કેયામતમાં કાફિરો પર થાનાર અઝાબ અને તેના ડરાવના મંઝર નઝદીકથી ગુઝરશે તો તે તસ્વીર તેને કહેશે કે, અય મુત્તકી ઈમાનદાર શખ્સ તું ખૌફ ન કર, તને તે અઝાબ સાથે કોઈ નિસ્બત નથી. આ મુજબ તે તસ્વીર મુમિનને દિલી સુકૂન આપતી જાશે અને જન્નતના દરજાની વધામણી દેતી જાશે. આ તમામ કશ-મ-કશ અને કેયામતની શિદ્દતોંને જોઈને મુમિન ખુદાતઆલાના સામે હાઝિર થાશે. ખુદાતઆલા ફરિશ્તાને હુકમ કરશે, જે તેના હિસાબને તપાસીને તેને જન્નતમાં લઈ જાવાનો હુકમ ફરમાવશે.

તે વક્ત મુમિન ઘણો જ ખુશ હશે અને નૂરાની તસ્વીરને મુખાતિબ થઈને કહેશે કે, ખુદા તને રહેમત કરજો, તું કોણ છે કે જેએ મને જન્નતનો વાઅદો કીધો અને તે સાચો સાબિત થયો? તું કોણ છે કે, જેએ મને જહન્નમના અઝાબથી અમાન અપાવું અને મને હર ડરથી બચાવો? તે તસ્વીરમાંથી ઔર ઝિયાદહ નૂર ઝાહિર થાશે યહાઁ તક કે, મુમિન તેના નૂરથી નૂરાની થઈ જાશે અને તે કહેશે કે, અય મુત્તકી શખ્સ! દુનિયામાં તું તારા ભાઈ, મુમિનોં પર ભલાઈઓ કરતો હતો અને તેઓની ખુશી વાસ્તે કોશિશ કરતો હતો. જે વક્ત તારા ભાઈઓને ખુશી હાસિલ થાતી તો તું પણ ખુશ થાતો હતો. અય મુમિન! હું તારી ભલાઈઓ છું, જે તસ્વીરે નૂરાની બનીને તારા વાસ્તે ખુશીઓ લઈને આવી છું. તારા સબબ તારા ભાઈઓ ખુશ થયા **તે ખુશીની નેઅમત ખુદાતઆલાએ જન્નત આપીને તને બખ્શેલી છે.** હવે જન્ન્તમાં કોઈ હમ-ગમ તારા નઝદીક આવી શકશે નહીં."

પાઁચમાં ઈમામે આલે હક્ક મૌ. જાઅફરૂસ્સાદિક (અ.સ.) ફરમાવે છે કે, **"એહસાન"** યાઅની બીજા સાથે બહેતર તૌરથી સુલૂક કરીને તેની મુશ્કિલ આસાન બનાવવાનું નામ છે. એહસાન કરવું ઘણો મોટો અમલ છે અને મોહબ્બત કાઈમ કરવાનો આઅલા નુસ્ખો છે, તેના સવાબની બરાબરીમાં ઉતરી શકે એવો કોઈ અમલ મુમિનની સીરતમાં નથી. **ખુદાતઆલા તરફથી જે શખ્સને તેની તૌફીક મિલી હોય તે જ એહસાન કરી શકે છે.** કેમકે, લોગોમાં ત્રણ તબકા છે : ૧) ઘણા એવા છે કે, ભલા કામો કરવાનું પસંદ કરે છે, તેની વાતોં કરે છે પણ પોતે તેના પર અમલ કરતા નથી. ૨) કેટલાક એવા છે કે, ભલાઈના કામો કરવાની ઘણી હોંશ ધરાવે છે છતાં તેઓ તેમ કરવાની તાકત રાખતા નથી. ૩) કેટલાક ભલાઈ કરવાની તાકત રાખે છે, એહસાન કરવા બેકરાર હોય છે છતાં બીજાઓની ધાસ્તીને લીધે તેમ કરતાં અટકી જાય છે.

લેહાઝા, જે બંદાને ખુદાતઆલા ખૈર કરવાની તાકત બખ્શે છે અને એહસાન કરવાનો હોંશ આપે છે અને કોઈ પણ ઝાતની અડચણથી ડરતો નથી તે જ બંદો ખરેખરો નસીબદાર છે અને તેના વાસ્તે જ ખરેખરૂં માન છે. ✯

## બીબી ઝયનબ (અ.સ.)

ઈસ્લામ કા સરમાયએ તૌકીર હે ઝયનબ, મૂઁહ બોલતી ઈમાન કી તસ્વીર હે ઝયનબ.
ચૌદા સો બરસ જિસકી શહાદત કે હે શાહિદ, ઉસ ઝિન્દઓ જાવૈદ કી હમશીર હે ઝયનબ.
તારીખે શહાદત કો જિલા જિસને અતા કી, સદ નાઝિશે પયમ્બરે શબ્બીર હે ઝયનબ.
સર નંગે જિસે ચશ્મે ફલક ને નહીં દેખા, ખાતૂને કેયામત કી વો તસ્વીર હે ઝયનબ.
બેટોં કી ભતીજો કી બિરાદર કી હે ગમખ્વાર, અય નૌહાગરો આજ ભી દિલગીર હે ઝયનબ.
બે પરદા જિસે કુફ્ર કે બાઝાર ને દેખા, વો સરતા કદમ ચાદરે તત્હીર હે ઝયનબ.
ઉસ ઝુલ્મ કે ઐવાન કી બુનિયાદ હિલાદી, વો ખુત્બએ પુરજોશ કી તાસીર હે ઝયનબ.
આફાક મેં રંગ લાયા લહુ તિશ્ના લબોં કા, વો મુસ્હફે શબ્બીર કી તફસીર હે ઝયનબ.
ઐવાને શહાદત કી ઝિયા કમ નહીં હોગી, હૈ શમ્અ જો શબ્બીર તો તન્વીર હે ઝયનબ. ✯

**જે શખ્સની તખ્લીક એના માઁના પેટમાં નૈકબખ્ત ઘડીઓમાં થઈ હશે, એના ખૈરને દુનિયાનું કોઈ શર મિટાવી શકશે નહીં.**

# ગુલ્શને ફિક્હ – શરીઅતનું હલાલ અને હરામ

## ઈમામતનું બયાન - કિસ્ત-૩

❋ મૌલાના અલી અમીરૂલ મુમેનીન (અ.સ.) ફરમાવે છે કે, જે શખ્સ જુઝામી હોય, જેના હાથના આંગલા ખિરતા હોય યાઅની રક્તપિત્ત ની બીમારીવાલો હોય, જે અબરસ હોય યાઅની કોઢવાલો હોય, જે પાગલ હોય, જે વલદુઝ્ઝિના હોય યાઅની ગૈરજાઈઝ જિસ્માની તઅલ્લુકાતથી થયેલો ઝિનાનો બચ્ચો હોય, આ તમામને પાછલ નમાઝ પઢી શકાય નહીં. એરાબી-અનપઢ ગામડીયોં, હિજરત કરનારને નમાઝ ન પઢાવે; કેદી, કોઈ આઝાદ શખ્સને; તયમ્મુમ કરનાર, વુઝુ કરનાર શખ્સને; નામરદ-ખસ્સી શખ્સ, મરદને; બૈરો, મરદને; મુખન્નસ-હીજડો, મરદને; મુંગો શખ્સ, બોલતાને અને મુસાફિર કોઈ મુકીમ શહેરી શખ્સને ઈમામતની નમાઝ ન પઢાવે. મુસાફિર અગર રઝાના સાહબ હોય અને નમાઝ પઢનાર ઝિયાદહતર લોગો મુકીમ હોય તો ઈમામતની નમાઝ પઢાવે. બૈરો, બૈરાઓને નમાઝ પઢાવી શકે છે, પણ મરદો જેમ નમાઝ પઢાવનારી બૈરો સફને આગલ ન ચઢે પણ પહેલી સફને દરમિયાન ઉભી રહે અને ઈમામત કરાવે.

❋ દોઆતે હક્ક (આ.કુ.) મુખ્તલિફ કિતાબોમાં “નાસિબી” ની માઅના બયાન ફરમાવે છે. આ “ **નાસિબી** ” શખ્સ તે છે કે, જેના પાછલ મુમેનીન નમાઝ ન પઢી શકે. નાસિબીની અલગ-અલગ માઅના આ મુજબ થઈ શકે કે, જે શખ્સ હક્કને ઓલખવામાં યા જેની અક્લ હક્કની માઅરેફત કરવામાં થાકી ચુકી હોય, જે શખ્સ નબી બાદ વસીમાં ન માનતો હોય, જે શખ્સ અક્લના અને રૂહાની દરજાતમાં ન માનતો હોય, **જે શખ્સ ૧૮ ઝિલહજ્જ ૧૦ હિ. ના ગદીરે ખુમ્મના વાકેઆમાં ન માનતો હોય,** મૌલાના અલી (અ.સ.) અને આપની આલે અત્હરની બયઅતમાં ન માનતો હોય, શફાઅત અને વસીલામાં ન માનતો હોય, કુરઆનને અહલુલ બૈત (અ.સ.) ની મવદ્દત અને ફઝાઈલ સાથે ન માનતો હોય, ઝાહિર સાથે બાતિનમાં ન માનતો હોય, ઈમામુઝ્ઝમાન (અ.સ.) ની દાઅવતે હક્કનો મુન્કિર હોય, શોહદાએ કરબલાના મસાઈબ પર આહો ઝારી ન કરતો હોય, માઁ ફાતેમા ઝહેરા (અ.સ.) ને લયલતુલ કદ્રના મમ્સૂલ ન માનતો હોય, દાઅવતે શરીફહમાં ઝકાત અદા કરતો ન હોય, ઈમામત આલે હુસૈન (અ.સ.) માં જ બાકી છે તેનો મુઅતકિદ ન હોય, આ તમામ સિફતના લોગો નાસિબી છે.

મૌ. ઈમામ જાઅફરૂસ્સાદિક (અ.સ.) ફરમાવે છે કે, **નાસિબ** (આલે મોહંમદ (અ.સ.) નો દુશ્મન) અને **હરૂરી** (ખારિજી, ઈમામે હક્કની ઈમામતને ઠુકરાવી દેનાર) ના પાછલ જો કોઈ નમાઝ પઢે તો તે નમાઝ અલ્લાહની નઝરમાં નમાઝ નથી પણ બુતપરસ્તી છે, જે બુતપરસ્ત અલ્લાહની દાઅવતનો ઈન્કાર કરી બુતને પોતાનો ખુદા માનતો થઈ જાય છે. જે નાસિબી શખ્સ નમાઝ પઢાવતો હોય એને મસ્જિદના થાંભલાઓ માંથી એક થાંભલો સમઝો અને તમેં જાણે ઘરમાં એકલા નમાઝ પઢતા હોવ તેમ મસ્જિદમાં નમાઝ પઢો. આ તે વક્ત થાય છે કે, જહાઁ દુશ્મનોનો ખૌફ હોય અને “તકીયતન” નમાઝને નાસિબી લોગોના સાથે પઢવામાં મજબૂરી હોય. પણ જો અલ્લાહના ઔલિયા અને ઈમામે હક્કનું દીન ગાલિબ હોય, દુશ્મનનો કોઈ ખૌફ ન હોય અને હક્કના અકીદાને અપનાવવામાં કોઈ કઠનાઈ ન હોય તો નાસિબી પાછલ હરગિઝ નમાઝ ન પઢાય, કેમકે, અહલુલ બૈત (અ.સ.) ના મઝહબે પાકીઝાના મુખાલિફોના અમલમાં કોઈ કરામત કે ઈઝ્ઝત નથી. ✩

**રસૂલુલ્લાહ (સ.અ.વ.વ.) જે વક્ત સફર કરતા તો ૬ ચીઝોને પોતાના સાથે રાખતા : (૧) ઈતરની શીશી (૨) કાતર (૩) સુરમાદાની (કાજલ) (૪) આઈનો (૫) કાંસકો અને (૬) દાતન.** ✩

## મુબારકબાદી



દીકરા **આદિલઅલી,** પોતાના વાલેદૈન **અલી અસગરભાઈ** અને **તરન્નુમબુ બાકરોલવાલા** સાથે કમસિનીમાં યાઅની ફક્ત ૮ મહીનાની ઉંમરમાં હજ્જ બયતુલ્લાહ ગયેલા છે. જમાઅતમાં શાયદ આ પહેલો મૌકો હોય, જો કે એહકામે શરીઅત મુજબ બુલૂગીયતમાં હજ્જનું ફરઝ અદા થાય, પણ આ દીકરાને દીદારે કાઅબા અને બીજા મકામાતે મુકદ્દેસહની બરકતોં ઝરૂર હાસિલ થાશે. ઘરનાં તમામ અહલને આ મૌકો મુબારક થાય. ✩

**ફજરની નમાઝ પૂરા દિનના આઅમાલમાં રોશની ભરી દે છે.**

## લફ્ઝી કશ-મ-કશ

**✳ ઉભી તરકીબ :**

૧) ઈકામત કહેવામાં આવે તો નમાઝીઓને ફૌરન ______ કરી દેવી જોઈએ. (૨)

૨) અલ્લાહતઆલાની ______ ઘણી કુશાદા છે, પાકીઝગી સાથે હર જગા નમાઝ પઢી શકાય છે. (૩)

૩) શાદીની ચંદ ચીઝો અપના અકીદા સાથે તઅલ્લુક રાખે છે અને ચંદ ચીઝો ફક્ત ______ છે. (૩)

૭) ______, ઝન (બૈરો) અને ઝૈવરથી દુનિયામાં ફસાદ પૈદા થાય છે. (૨)

**✳ આડી તરકીબ :**

૨) ફત્હ, કામિયાબી. (૩)

૪) મદદગાર. (૨)

૫) હમેશા, હર વક્ત. (૨)

૬) ______ ને તરઝ અને તરન્નુમ સાથે પઢવામાં આવે છે. (૩)

| | | | | |
|---|---|---|---|---|
| | | ૧ | | |
| | ૨ | | ૩ | |
| ૪ | | ╳ | ૫ | |
| | ૬ | ૭ | | |
| | | | | |

**ગયા શુમારાના લફ્ઝી કશ-મ-કશનો ખુલાસો :-**

| | | | | |
|---|---|---|---|---|
| | | દા | | |
| | ક | દ | મ | |
| હિ | રા | ╳ | લ | મ |
| | ર | ફી | ક | |
| | | લ | | |

**નોંધ :** કારેઈનને ઈલ્તેમાસ છે કે, લફ્ઝી કશ-મ-કશ ના જવાબો લખી હમારા એડ્રેસ પર સફર મહીનાની ૨૦ તારીખ પહેલા પોતાના મોબાઈલ નંબર સાથે મોકલી આપે. સહી જવાબ આપનાર મુમેનીનનો ડ્રો કરવામાં આવશે અને જે નસીબદાર ભાઈનું નામ ખુલશે તેને એક યાદગાર તોહફાથી નવાઝવામાં આવશે. ✩

---

(પેજ નં. ૪ નું બાકી)

આબિદની ઝૂંપડી જલાવી દેવામાં આવી અને ૧૦૦ કોડા મારવામાં આવા અને આબિદને કાલી કોટડીમાં કૈદ કરવામાં આવો.

ખુદાતઆલાએ તે ઝમાનાના નબીને સહી ખબર પહોંચાડી અને વહ્ય કીધી કે, હાકિમને હકીકત બતાવવામાં આવે કે, આબિદ બિલકુલ બેગુનાહ છે, લેહાઝા એને રિહા કરવામાં આવે અને એની ઝૂંપડી પાછી બનાવી દેવામાં આવે. જો આમાં કોઈ કુસૂર થાશે તો ખુદા તે ગામને ઉલટાવી દેશે અને પૂરી આબાદીને તબાહ કરી દેશે. નબીના કહેવા પર હાકિમે ૯ બદમઆશોને કત્લ કરવાનો હુકમ આપો અને પોતે બદકાર ઔરતને ઝિંદા જલાવી દીધી. આબિદની ઝૂંપડી પહેલા જેમ બનાવી આપવામાં આવી અને આબિદ કૈદમાંથી આઝાદ થઈને પાછો ખુદાની ઈબાદતમાં મશ્ગૂલ થઈ ગયો.

પછી હાકિમે નબીને સવાલ કીધો કે, "હાલાંકે, આબિદ બિલકુલ બેગુનાહ હતો, તો પણ એના પર આ તરહની આફત કેમ આવી? ખુદાતઆલાએ વહ્ય કરીને નબીને બતાવ્યું કે, આબિદ પર એક ગુનાહ બાકી હતો તો મેં ચાહ્યું કે, મેં આબિદને તે ગુનાહથી પાકો સાફ કરી દઉં, જેથી એના તમામ ગુનાહોંની સઝા એને દુનિયામાં જ મિલી જાય. રૌઝે કેયામત જે વક્ત એ મારી સામે આવે તો એવી હાલતમાં આવે કે, જાણે એને કોઈ ગુનાહ કીધા જ ન હોય. મારી ઈઝઝત અને મારા જલાલના કસમ ! મેં કોઈ મુમિનને દુનિયાથી ગુઝારતો નથી, પણ એવી હાલતમાં કે, એ પોતાના તમામ ગુનાહોંની સઝા ઉઠાવી ચુકો હોય. આ સઝા એના વાસ્તે મુસીબત બનીને આવે, હમ-ગમ લઈને આવે, બીમારી લઈને આવે, તંગદસ્તી યા ખસ્તાહાલી લઈને આવે યા લોગોની બેવફાઈ લઈને આવે. **મુમિન વાસ્તે હર બલા યા તો ગુનાહોંનો કફ્ફારો છે યા સવાબમાં દાખિલ કરવાનો રસ્તો છે.**"

ખુદાતઆલા સૂરતુશ્શૂરામાં ૩૦ મી આયતે શરીફહમાં ફરમાવે છે કે, "**મા અસાબત્કુમ મિમ મુસીબતિન ફબેમા કસબત ઐદીકુમ વ યાઅફૂ અન કસીર**", યાઅની, તમારા ઉપર જે કઈ મુસીબત આવે છે, તે તમારા જ કરતૂતના સબબ આવે છે અને ખુદા તો ઘણી ચીઝોને મુઆફ કરી દે છે. ✩

**ઈમામુઝ્ઝમાન (અ.સ.) ના મુમિન વાસ્તે એની ઝિંદગીના હર લમ્હામાં જેહાદ કરવી લાઝિમ થઈ જાય છે.**

## સીરતે મૌલાના અલી (અ.સ.)

::: રહેમ દિલી :::

એકવાર અમીરૂલ મુમેનીન મૌ. અલી (અ.સ.) આપના અસ્હાબ સાથે રસ્તામાં જઈ રહ્યા હતા. આપ આગલ હતા અને આપના પાછલ અસ્હાબ ચાલતા હતા, જેમ હક્કના સાહબની સીરત હોય છે. જે વક્ત આપનો ગુઝર એક દરખ્તને નઝદીકથી થયો કે, એક નૌકદાર ભારી પત્થર ઉછલીને આપના સર મુબારક પર વાગો. આપને ગહેરો ઝખ્મ થયો અને ઘણું ખૂન તેમાંથી જારી થયું. શરારતીને તલાશ કરવા અસ્હાબ આમતેમ દોડવા લાગા અને ગઝબનાક થઈને કહેવા લાગા કે, કયા બદબખ્તની હિમ્મત કે, મૌલાને આ તરહનો સદમો પહોંચાડે? તે વક્ત અસ્હાબની નઝર એક બૈરો પર પડી કે, જેના હાથમાં બીજો એક મોટો પત્થર હતો. અસ્હાબમાંથી એક તે બૈરોને લઈને આપ મૌલાના નઝદીક પૈશ થયા.

આપ મૌલાએ બૈરોને પત્થર મારવાનો સબબ પૂછો, તો બૈરો ખૂબ રોવા લાગા અને મુઆફી માંગીને બોલા કે, "અય મૌલા! આપને મારવાનો મારો કોઈ ઈરાદો ન હતો પણ આપ જે દરખ્ત નઝદીકથી ગુઝરા તે કેરીનું ઝાડ હતું. મેં ચંદ કેરીઓ તોડવા તેના પર પત્થર મારો હતો. અય મૌલા! ઘરમાં હું મારા બે નાના દીકરાઓ સાથે એકલી છું, મારા શૌહર વફાત થઈ ચુકા છે. હું દિનભર મહેનત-મઝદૂરી કરીને, લોગોના ઘરોંમાં કામકાજ કરીને મારી રોઝી હાસિલ કરૂં છું. ચંદ દિનોંથી મારા વાસ્તે કોઈ કામ નથી, મારા દીકરાઓ ઘરમાં ભૂખા છે અને હું તેમના વાસ્તે કંઈક જમવાનું લઈને આવું તેની વાર જોઈ રહ્યા છે. જો હું ખાલી હાથે આજે જઈશ તો શાયદ મારા બચ્ચા ભૂખની શિદ્દત બરદાશ્ત નહી કરી શકે. આ વિચારીને મેં આ ઝાડના ફલો તોડવા તેના પર પત્થર મારો અને ભુલથી તે આપના સર પર વાગો. આપ મને મુઆફ કરો."

મૌલા અલીએ અસ્હાબને ફરમાવું કે, "તમેં જાવ આ બૈરોં સાથે અને તેના ઘરમાં જે જે ચીઝોની હાજિત હોય તે બયતુલ માલમાંથી મોહય્યા કરો." પછી બૈરોને કહ્યું કે, અય બહેન! હવે તમને રોઝ આ તરહની મઝદૂરી કરવાની ઝરૂરત નથી, તમારા પૂરા દિનના હાજાત અને મુઆમેલાતની દેખરેખ હવે મારા ઝિમ્મે છે. મારા અસ્હાબ તમને ઝરૂરી ચીઝો તમારા ઘર પર પહોંચાડી આપશે.

ફરમાને અલવી મુજબ અસ્હાબ તે બૈરોના ઘર ગયા અને બધી ચીઝો પહોંચાડા બાદ મૌલા અલી પાસે આવા અને હૈરાનીથી પૂછવા લાગા કે, **તે બૈરોએ આપને ઈઝા પહોંચાડી હતી તેના બાવુજૂદ આપે તેને રાહતનો સામાન શું કામ મોહય્યા કીધો?** તેના તો હાથ કાપવાની ઝરૂરત હતી. મૌ. અલીએ જવાબ આપો કે, જો તેને સઝા આપી હોત તો તેના બે નાના બચ્ચાઓના દેખભાલ અને પરવરિશનું શું થાત? જો એક બેઝબાન ઝાડ પત્થરનો માર બરદાશ્ત કરીને ફલ આપતું હોય, તો આ વસીઓના સરદાર પત્થરનો સદમો અને ઝખ્મનું દર્દ ઉચકીને મુશ્કિલકુશાઈ કેમ ન કરી શકે?

સુબ્હાનઅલ્લાહ! આ છે મૌલાના અલી (અ.સ.) ની સીરતે તાહેરહ. અલ્લાહતઆલા હમને પણ આ જ મુજબ બુરાઈના બદલામાં ભલાઈ કરવાની નેક સમઝ આપે. ✮

## જનાબ, આપકા ક્યા હે જવાબ !

૧) જહન્નમની વાડીનું શું નામ છે ?
૨) આલે મોહંમદ (અ.સ.) ના દુશ્મનને શું કહેવાય ?
૩) જાહિલને રાહે રાસ્ત પર લાવવાનું કામ કોણું છે ?
૪) રસૂલુલ્લાહ (સ.અ.વ.વ.) એ કઈ ઈબાદતો તરફ લોગોને બોલાવા ?
૫) કયા શખ્સને આખેરતમાં ખુશગવાર ઝિંદગી અને બલંદ જન્નત અદા થાશે ?

• ઉપર આપેલા **૫ સવાલો** ગયા શુમારા માંથી છે. આ મુજબ હર શુમારામાં તેના પહેલાના શુમારા માંથી સવાલો પૂછાશે. અખ્બારના હર મઝમૂનને કારેઈનેં ગૌરથી પઢવાનું રહેશે અને આ સવાલોના સહી જવાબો તલાશ કરી હમને આ મહીનાની ૨૦ તારીખ પહેલા હમારા એડ્રેસ પર યા email પર પોતાનું નામ, સરનામું અને મોબાઈલ નંબર લખી રવાના કરવાનું રહેશે. સહી જવાબ આપનાર કારેઈનનો ડ્રો થાશે અને તેમાંથી ખુશકિસ્મતને એક ખૂબસુરત ઈન્આમ ઈનાયત કરવામાં આવશે. આ તક ઈલ્મી લેહાઝથી ઘણી જ ઉમદા હોય, મુમેનીન તેનાથી કિસ્મત આઝમાવવા ખૂબ મહેનત કરે એવી ઈદારાની ગુઝારિશ છે. ✮

**ઈલ્મ, પાની મુજબ છે. ગૈર વક્ત પર, ગૈર જગાથી, હાજત બગૈરનું પીવાથી તે નુકસાન કરે છે.**

## ઈમામ, મખ્લૂકાતે રબ્બાનીના સેન્ટર છે : કિસ્ત - ૪

અલ્લાહતઆલા હકીમ છે અને એના હર અમર, અમલ, હુકમ, ફેંસલા અને કુદરતમાં હિકમત છે. તે કોઈ શખ્સ જે હિકમતવાલા ખાલિકને પહેચાને અને તે બાદ એની હિકમતની નઝાકતનો ઈકરાર કરે, તો તે શખ્સ પર વાજિબ છે કે, જેનો તેએ ઈકરાર કીધો, માઅરેફત રાખી એના વાસ્તે એમ માની લે કે, **ખાલિકે હકીમની તમામ ચીઝો હિકમતની બુનિયાદ પર જ હોય.** કોઈ પણ ચીઝ કરવાનું એ બંદાને ફરમાન કરે યા રોકે તો તે પણ હિકમતના દાએરામાં જ હોય છે. હકીમના વાસ્તે તે જાઈઝ થાય જ નહીં કે, એ રમતબાઝીમાં, બદગુમાનીમાં, બેમતલબ કે તજરૂબો હાસિલ કરવા કોઈ કામ કરે. એના હર કામની ગરઝો ગાયત હોય છે અને તે ગરઝ તક પહોંચવાનો રસ્તો મખ્લૂક સામે મુકી દે છે. જે વક્ત ગરઝ તક પહોંચી જાય છે તો જ તે મખ્લૂક કામિલ કહેવાય છે, તેની ખોટ પૂરી થાય છે, કુસૂર મિટે છે અને ઓછપમાં કમાલ પૈદા થાય છે.

આ કમાલ પૈદા કરવા અને એની પૈદાઈશમાં હિકમતની માઅના સમઝાવવા તેમજ બની આદમને દરમિયાન હિદાયતની નહેરને જારી કરવા, ઈલ્મો અમલથી ઈન્સાનોને નવાઝી નૂરાની, કુદસાની અને રૂહાની આલમ માંથી ઈન્સાનની દુનિયાવી બેજાન ઝિંદગીમાં રૂહ ફૂંકવા અલ્લાહતઆલાએ ઝમીન પર પોતાની મરઝી-ઈઝન મુતાબિક એના ખલીફા-ઈમામ મુકર્રર કીધા. અલ્લાહ કામિલ છે અને કમાલને પસંદ કરે છે. મખ્લૂકના ચાર તબક્કાઓ છે : ઝમીન, સબઝી, હયવાન અને ઈન્સાન. **ઈન્સાન તમામ કરતા અશરફ-અફઝલ તો છે જ પણ તેનામાં કોઈ તરહની કમી છે, તેની જાનમાં કુસૂર છે.** તો તેની આ કમીને પૂરી કરવા વાસ્તે કામિલ ઈન્સાનની ઝરૂરત હતી. તેથી અલ્લાહતઆલા એવા શખ્સને ઈમામ બનાવે છે કે, જેમાં ફરિશ્તાઈ રૂહ હોય, આમ ઈન્સાનની રૂહથી ઉંચી તેની રૂહ હોય તો જ તેના માનનાર મુમેનીનની રૂહમાં આલમે કુદસાની માંથી ફરિશ્તાઈ રૂહને ફૂંકી શકે. આ મખ્સૂસ રૂહના સબબ મુમેનીન ઈમામે હક્કની વલાયત-ઈતાઅતમાં દાખિલ થાય અને ઈમામના આ નૂરાની રાબેતાથી ઈન્સાન, આદમીના ગિલાફ માંથી નિકલીને ફરિશ્તાઈ ગિલાફમાં આવી શકે.

આ કારે અઝીમ અને અહમ ઝિમ્મેદારી વાસ્તે ઈમામે હક્ક પર વાજિબ હતું કે, આપ પોતાના માનનારાઓને તેઓની ભૂલ સમઝાવે, શરીઅતના નુસ્ખાથી ઈલ્મો અમલ શિખાવીને તૌબા કરાવે અને આપની દાઅવતે હાદીયહના હઝીરએ ઈમાન અને દાએરએ અમાનમાં લઈને મુમિનને નજાત બખ્શે. અલ્લાહતઆલાએ આ શયતાની દૌરની ગુમ્રાહીને દૂર કરવા, બની આદમ-ભૂલ ભરેલા ઈન્સાન વાસ્તે નબીયો અને રસૂલોને મોકલી મોટું અહેસાન કીધું છે. આ સાથે આ નબીયોને દુનિયાના લોગો પર બશીર - ખુશખબરી આપનાર અને નઝીર - બુરા કામોની સઝા અને શરથી ડરાવનાર બનાવીને મોકલા છે. ☆


## –::: તિજારત :::–

**સોફીયા જે. વ્હોરા**

**સોફીઝ ફીએશન**

**ડીઝાઇનર સલવાર કમીઝ,**
**સાડી, રીદા, ડ્રેસ મટીરીયલ્સ**
**અને શાદીની જોડીઓ બનાવનાર**

**સરનામું :** લાઈફ લાઈન ક્લીનીક, ૨૭૦ - રામપાર્ક,
આશીયાના એપાર્ટમેન્ટ પાછળ, આજવા રોડ, વડોદરા-૧૯.

**સંપર્ક કરો : ૯૯૯૮૪૧૩૫૫૬**
**(સોમવાર થી શુક્રવાર ફક્ત એપોઇન્ટમેન્ટ દ્વારા)**

**સકીના જનરલ સ્ટોર**

**આઈટમ :** બોમ્બે લીબર્ટી સ્પેશ્યલ ચા અને સ્પેશ્યલ
બોમ્બે ગીગાની મસાલા (બધી જાતના) અમારા ત્યાં
તાઝા અને વાજબી ભાવે મળશે.

સરનામું : **શરફઅલી જે. બંગલીવાલા**
૧, બહાર કોમ્પલેક્ષ, તૈયેબી પાર્ક, આજવા રોડ, વડોદરા - ૧૯.
ફોન : ૦૯૭૨૪૨૦૭૬૬૭, ૮૪૮૭૦૪૧૦૨૮ ☆


**ઈન્સાફની હર વાત, સચ્ચાઈની રાહની એક મંઝિલ છે.**

**સેહત વાસ્તે આઅલા અને બહેતર, ઘરનું જમન છે.**

## દરસે લેસાને દાઅવત

جنگ سي پیچھے ھٹ کرنارا قاعِدُون - او بھا رھنار انے جنگ ماں جانفشاني کرنارا مُجاھِدُون - جھاد کرنار ني قدح - مدح ساتھے اھني سزا - جزاء ني ذکر اللّه تعالی قرآن ماں فرماوے چھے - کتناک منافقو جنگ تبوک گیا نھیں انے بیجا نے پن روکا انے خوشي مناوي ، سخت گرمي نو بھانہو کیدو تو اللّه فرماوے چھے که ، اے محمد، کھو آپ ، جہنّم ني آگ آ دنیا ني آگ کرتا گھني زیادۃ سخت گرم چھے - لھاذا، تمین لوگ ھنسی مذاق مت کرو تمنے ہنسوُو ھو ني تو ہنسي لو ، لیکن یاد رھے که ، ہمنا ہنسواُنو کم چھے انے پچھي رووانُو زیادۃ چھے، تمھارا بد کرتوت نا بدلاماں -

تبوک ني لڑائي پچھي جه منافقو زنده ہتا ته کھوا لاگا که، ہوے لڑائي تھاسے تو ھمین آویسوں - رسول اللّه صلعم یه فرماؤوکه، تمین پہلے نه آوا تو ہوے سوں آووانا ھتا ؟ یه منافقین نو سردار عبداللّه بن اُبَي مري گیو ، تو آپ یه ابني نماز جنازۃ اداء کیدي تو فرمان الہي آؤو که، یه منافقین ماں سي کوني مري جاني تو کدي بہي ابنا او پر نماز مت پڑہو - ایک ملعون یه، اعتراض کیدو، تو آپ یه فرمایو که ، اللّه یه منے اختیار آپو که، استغفار کرو یا نه کرو - تو مین یه استغفار انے نماز جنازۃ نے اختیار کري عبداللّه نا جنازۃ پر نماز پڑہي انے باطن ماں ابنا اوپر بد دعاء کیدي انے ظاہر ماں ابنا دکراخاطر جه مسلم چہے آ عمل کیدو تاکه کوني مسلم ني رُسوائي نه تھائي انے مسلم دکرا واسطے نیک دعاء کیدي - رسول اللّه صلعم مسلم نا جنازه پر پانچ تکبیرۃ بولتا جه ما تیجا تکبیرۃ ما ابنا حق ماں دعاءِ مغفرت کرتا انے منافق نا جنازۃ پر چار تکبیرۃ بولتا انے ابنا حق ماں دعاءِمغفرت کرتا نہیں انے ابنے مرده طریقے چھوڑي دیتا -

(તબૂકની) જંગથી પીછેહઠ કરનારા "કાએદૂન" - ઊભા રહેનાર (જંગમાં આવવાનો ફક્ત દેખાવ કરનાર) અને જંગમાં જાઁફિશાની કરનાર મુજાહેદૂન - (જાનો માલથી) જેહાદ કરનારની કદહ-મદહ સાથે એની સઝા-જઝાની ઝિક્ર અલ્લાહતઆલા કુરઆનમાં ફરમાવે છે. કેટલાક મુનાફિકો જંગે તબૂક ગયા નહીં અને બીજાને પણ (તેમાં જાવાથી) રોકા અને (ફરમાને નબવીને ન માનવાની) ખુશી મનાવી, સખ્ત ગરમીનો બહાનો કીધો. તો અલ્લાહતઆલા ફરમાવે છે કે, અય મોહંમદ! કહો આપ, જહન્નમની આગ આ દુનિયાની આગ કરતા ઘણી ઝિયાદહ સખ્ત ગરમ છે. લેહાઝા, તમેં લોગો હસી-મઝાક ન કરો, તમને હસવું હોય તો હસી લો, યાદ રહે કે, હમણા હસવું કમ છે અને પછી રોવાનું ઝિયાદહ છે, તમારા બદ કરતૂતના બદલામાં.

તબૂકની લડાઈ પછી જે મુનાફિકો ઝિંદા હતા તે કહેવા લાગા કે, હવે લડાઈ થાશે તો હમેં આવીશું. રસૂલુલ્લાહે (સ.અ.વ.વ.) ફરમાવું કે, તમેં પહેલે ન આવા તો હવે શું આવવાના હતા! તે મુનાફેકીનનો સરદાર અબ્દુલ્લાહ બિન ઊબય મરી ગયો, તો આપ નબી સાહબે એની નમાઝે જનાઝા અદા કીધી. તો ફરમાને ઈલાહી આવું કે, અગર મુનાફેકીન માંથી કોઈ મરી જાય તો કદી પણ એના ઉપર નમાઝ ન પઢો. એક મલઊને(આ કૌલ પર) એતેરાઝ કીધો, તો આપે ફરમાવું કે, અલ્લાહતઆલાએ મને ઈખ્તિયાર આપો કે, ઈસ્તિગફાર કરો યા ન કરો. તો મેં ઈસ્તિગફાર અને નમાઝે જનાઝાને ઈખ્તિયાર કરી અબ્દુલ્લાહના જનાઝા પર નમાઝ પઢી અને બાતિનમાં એના ઉપર બદ્દોઆ કીધી અને ઝાહિરમાં એના

(બકીયાહ પેજ નં. ૧૨ પર)

**આજના વકતમાં જેના પાસે મોબાઈલ નથી, તે ઝિયાદહ એડવાન્સ અને અકલમંદ છે.**

## મૌ. બીબી સકીના (અ.સ.) પર
## -: ખિરાજે અકીદત :-

અંધેરે ઘરમેં સકીનાકો મૌત આઇ હૈ,
જનાઝા ઉઠનેકા સામાં નહીં, દુહાઇ હૈ.
પુકારી બાનૂએ નાશાદ આકે મૈયત પર,
સકીના બેટી ઉઠો માઁ તુમ્હારી આઇ હૈ.
કરૂં મૈં દફનકા સામાન કિસ તરહ બેટી,
ગરીબ માઁ હૈ તો મોહતાજ તેરા ભાઇ હૈ.
અભી ઝબાન ભી પુરી ન ખુલને પાઇ થી,
યતીમ બચ્ચીકો બે વક્ત મૌત આઇ હૈ.
હૈ આજ ક્યું દરે ઝિંદાઁ ખુલા હુવા બીબી,
તુમ્હારે લે ને કો શાયદ સવારી આઇ હૈ.
બગૈર રૌશની કે કિસ તરહ તડપતી થી,
અંધેરી કબ્ર તુમ્હેં અબ પસંદ આઇ હૈ.
બલાએં છોટીસી મૈયતકી લે કે માઁ ને કહા,
અરે યે ચાર બરસકી મેરી કમાઇ હૈ.
અલીકી લાડલી બેટી તેરા ખુદા હાફિઝ,
કે હમસે તુમકો કયામત તલક જૂદાઇ હૈ.
તુમ્હારે બિન ન મુઝે નીંદ આયેગી બેટી,
મુઝે ભી લે ચલો બસ્તી જહાં બસાઇ હૈ.
હૈ જિનકે દિલમે નિહાઁ હૈ ઝિયા તેરી ઉલ્ફત,
સમઝ લો ઉસકો ખુદા તક હુઇ રસાઇ હૈ.
તુમ્હારે હક્કમેં યે "અલવી" લિખે તો ક્યા લિખ્ખે,
અઝલસે પ્યારી સકીના સે લૌ લગાઇ હૈ. ✮

**ઈમાન તે છે કે, તમેં સચ્ચાઈને ઈખ્તેયાર કરો ભલે ને તે તમને નુક્સાન કરે, તે જુઠ પર કે જે તમને ફાયદો કરે. તમારી વાત તમારા અમલથી ઉંચી ન હોય અને તમને બીજાઓની વાત કરવામાં અલ્લાહતઆલાથી ડરવું જોઈએ.**

## સૈયેદી ફખરૂદ્દીન શહીદ (રિ.અ.)

અય મુમિનોં કે આકા, અય ફખરુદ્દીં શહીદ,
અય ગલીયાકોટ વાલે, અય ફખરુદ્દીં શહીદ.
અય બાદશાહે આલી, અય મખ્ઝને લાઅલી,
અય અહલે દીં કે વાલી, અય ફખરુદ્દીં શહીદ.
અય બાબજી જહાં કે, અય બોસતાં અમાં કે,
હાફિઝ હો માલોજાં કે, અય ફખરુદ્દીં શહીદ.
દાઅવત કે માહે અનવર, અય અહલે દીં કે અફસર,
અય તારમલ કે દિલબર, અય ફખરુદ્દીં શહીદ.
અય ખાસે કિબરીયા કે, અય શૈર મુસ્તફા કે,
આશિક હો મુરતઝા કે, અય ફખરુદ્દીં શહીદ.
તુમ મસદરે કરમ હો, તુમ દાફએ અલમ હો,
તુમ સાહબે હુમમ હો, અય ફખરુદ્દીં શહીદ.
તુમ હો શહીદે અકબર, તુમ હો કરમ કે કૌસર,
તુમ હો વફા કે દફ્તર, અય ફખરુદ્દીં શહીદ.
એઅજાઝ રોઝ ક્યા ક્યા, હોતે હે યાં હુવૈદા,
હૈ ઝાઈરોં ને દેખા, અય ફખરુદ્દીં શહીદ.
બિમાર જો હે આતે, વો સબ શિફા હે પાતે,
ખુશ હો કે ફિર હે જાતે, અય ફખરુદ્દીં શહીદ.
ઈસ અસ્ર મેં હે દાઈ, દાઅવત કે જો હે માલી,
હો તૂલ ઉમ્ર ઉનકી, અય ફખરુદ્દીં શહીદ.
તૈયેબ હે નામ ઉનકા, રૂત્બા હે ઉનકા આઅલા,
હો ઉનકા બોલબાલા, અય ફખરુદ્દીં શહીદ.
જો ઝિયાઉદ્દીં લકબ હે, ખાસએ ખુદાએ રબ હે,
આલી હસબ નસબ હે, અય ફખરુદ્દીં શહીદ.
રખ ઉનકો તું સલામત, આલમ મેં તા કયામત,
તેરી હી હો હિફાઝત, અય ફખરુદ્દીં શહીદ.
રોઝે પા ફિર હો આના, કુછ ઐસા હો બહાના,
હમ સબ કો ફિર બુલાના, અય ફખરુદ્દીં શહીદ. ✮

**ઈમાનની બુનિયાદ અમલ, નિય્યત અને ઝબાન પર છે.**

## મુલાહેઝા

આ સાલથી આપનું પ્યારું અને ચહેતું દીની અખ્બાર દર **૨ મહીને** શાયેઅ થાશે. યાઅની કે, મોહર્રમુલ હરામ-સફરૂલ મુઝફ્ફર, રબીઉલ અવ્વલ-રબીઉલ આખર, જુમાદીયુલ ઊલા-જુમાદીયુલ ઉખ્રા, રજબુલ મુરજ્જબ-શાઅબાનુલ કરીમ, રમઝાનુલ મુઅઝઝમ-શવ્વાલુલ મુકર્રમ, ઝુલ કાઅદતિલ હરામ-ઝુલ હિજ્જતિલ હરામ, એમ એક સાલમાં બે-બે મહીનાના **કુલ ૬ શુમારા** શાયેઅ થાશે. અખ્બારને શાયેઅ કરવાના ખર્ચ અને ઈખ્રાજાત વધી જાવાના સબબ આ સાલથી સાલાના લવાઝમ **રૂ. ૧૦૦/-** કરવામાં આવું છે. કારેઈન નાઝેરીનથી હમારી ઈલ્તેજા છે કે, આ અખ્બારને પહેલા જેમ જ તઆવુન આપી, આપને દરમિયાન અહલુલ બૈત (અ.સ.) ના ઊલૂમે તાહેરહની ઈલ્મી નહેર જે ૯ સાલથી જારી છે, તેને જારી રાખવામાં હમારો હોંસલો વધારતા રહે. ✯

**" મિશ્કાતુલ હાદી " તેના ૧૦૮ શુમારાઓ સાથે ૧૦ માં સાલમાં દાખિલ થઈ રહ્યું છે.**

સિફાતે નાઅરએ તકબીર હે મિશ્કાતે હાદી મેં,
કલામુલ્લાહ કી તફસીર હે મિશ્કાતે હાદી મેં,
જહાઁ મેં રાહબરે આફાક હે મિશ્કાતે હાદી મેં,
મુહય્યા હર મફાદે મઝહબી હે મિશ્કાતે હાદી મેં,
અજબ મુઅલ્લિમે અખ્લાક હે પઢના ઈસે ઝરૂર,
બહારે ખુલ્દ હર ઉન્વાન હે પઢના ઈસે ઝરૂર. ✯

(પેજ નં. ૧૦ નું બાકી)

દીકરા ખાતિર જે મુસ્લિમ છે, આ અમલ કીધો. જેથી કોઈ મુસ્લિમની રૂસ્વાઈ ન થાય અને મુસ્લિમ દીકરા વાસ્તે નૈક દોઆ કીધી. રસૂલુલ્લાહ (સ.અ.વ.વ.) મુસ્લિમના જનાઝા પર પાઁચ તકબીરા બોલતા, જેમાં તીસરા તકબીરામાં એના હક્કમાં દોઆએ મગફેરત કરતા અને મુનાફિકના જનાઝા પર ચાર તકબીરા બોલતા અને અને એના હક્કમાં દોઆએ મગફેરત કરતા નહીં અને એને મુડદા તરીકે છોડી દેતા. ✯

### મુશ્કિલ અલ્ફાઝ

જાઁફિશાની - જાન કુરબાન કરવી
એતેરાઝ - વાંધો ઉઠાવવો
કદહ - બુરી વાત, મઝમ્મત
ઈખ્તિયાર - અપનાવવું, બે ચીઝમાંથી કોઈ એકને પસંદ કરવું
મદહ - તાઅરીફ, સના
ઈસ્તિગફાર - મગફેરત ચાહવી
જઝા - સવાબ
ખાતિર - વાસ્તે
મુનાફિકો, મુનાફેકીન - બનાવટ કરનાર, બે મૂઁહયા
રૂસ્વાઈ - બેઈઝઝતી
કરતૂત - આઅમાલ
તકબીરા - "અલ્લાહો અકબર" બોલવું. ✯

**આ ઈન્સાન વાસ્તે તઅજ્જુબ છે કે, તે જોઈ છે ચરબીથી (બનેલી આંખોથી), તે બોલે છે ગોશ્તથી (બનેલી ઝબાનથી), તે સાંભલે છે હાડકાથી (બનેલા કાનથી) અને તે સાંસ લે છે એક કાનાથી (યાઅની સૂરાખથી બનેલા નાકથી).**

**How wonderful is man that he sees with fat (eyes), talks with a piece of flesh (tongue), hears with a bone (ears) and breathes through a hole (nose).**

**ઈલ્મ, પાની મુજબ છે. ગૈર વક્ત પર, ગૈર જગાથી, હાજત બગૈરનું પીવાથી તે નુકસાન કરે છે.**

## *Excellence of Eating with 5 Fingers & licking them*

*Islam is complete in all aspects and nothing can be added to its contents and nothing can be eliminated there from. Islam has put forward complete, comprehensive and eternal Shari'at for us.*

*Messenger of Allah, Rasoolullaah (saws) instructed His followers that after taking meal they should lick up their fingers before they wash or wipe them with a towel. Since Messenger of Allah approved of this act, it is commendable.*

*Rasulullah (SAWS) used to lick the bowl containing food and say that last portion of food contained the greatest blessings. The angels bless those who lick the bowls and pray for the larger share of livelihood for them. He who licks the bowl receives double reward for a good deed. Rasulullah (SAWS) used to lick his fingers with a loud voice. This conduct was to show humility to Allah and give honour to the provisions given by Him and was contrary to the actions of tyrants among Allah's creatures.*

*To use less than 5 fingers for eating speaks of the manner of the arrogant, whereas to use both hands to this end is indicative of an overpowering greed. So, the best way of eating is that shown by Messenger of Allah (saws). Here, too, is the affirmation of licking the fingers after taking meal, and not during it.*

*Present-day Muslims hardly care for this directive of Messenger of Allah (saws) because they think that this act will bring disgrace and dishonor upon them. To make matters worse, they throw away a large quantity of unconsumed food in street dumps, garbage bags and drains. They even deem it necessary to leave over some food in plates and dishes, still less of licking them. What a pity, the Muslim community has gone far away from the teachings and excellent example of our beloved Rasoolullaah (saws)!*

*Today, medical science says that, If a person eats with his fingers, and dips his fingers in the food while eating, some germs are made that allow to digest the food more easily, and the stomach doesn't get any problems. So you need to lick your fingers to lick the germs, which are good for your health. Licking fingers produces more saliva which helps to digest food faster.*

*This was told 1400 years before by our Prophet (saws); today science has proved its beneficial values.* ✮

---

(પેજ નં. ૧૪ નું બાકી)

અને અમલ પર હશે. મદદ વાસ્તે એનું પૂકાર કરવું કઈ કામ લાગશે નહીં. એની રહેમની અરઝીને એનો ખાલિક રદ કરી નાખશે અને જેટલી વાર અરઝી કરશે તેટલો અઝાબ શદીદ થાતો જાશે. અય શખ્સ! જો તારા અહલ-ઔલાદ તારા વાસ્તે તારી દૌલત માંથી તારી મગફેરત અને શફાઅત વાસ્તે લોગોની હાજિતરવાઈના અને ભલાઈના કામો કરશે, તો આ તારો બરઝખ રાહતવાલો બની જાશે. નહીં તો તારા ગુનાહની કસરતના સબબ જો તારા અહલ તારો ખયાલ નહી રાખે અને તારી દૌલતને હઝમ કરી જાશે, તો તારો આ બરઝખ આફતવાલો બની જાશે. ✮

**જૂઠ–કિઝબ નિફાકના દરવાઝાઓમાંથી એક દરવાઝો છે.**

## રસૂલુલ્લાહ (સ.અ.વ.વ.) ના ખાસૂલ ખાસ
## મૌ. સલમાનુલ ફારસી (રિ.અ.) – કિસ્ત : ૧૭

મૈયેત મૌ. સલમાનુલ ફારસી (રિ.અ.)ને કહે છે કે, જે વક્ત મારા કફન-દફનની તમામ ચીઝો પૂરી થઈ તો લોગોએ મારી કબરની નિશાની વાસ્તે માટીનો નાનો જેવો ઢગલો કરી દીધો અને તેના પર ખૂબ પાની છિડકું અને મારા મોટા ફરઝંદ જે રોતા હતા એને સબર બંધાવીને ખામોશ કીધા. મેં કબરમાં એકલો કૈદી જેમ હતો અને કબરના બાહર મારા અહલ આઝાદ હતા. તેઓ મારી મગફેરતની દોઆ કરી રહ્યા હતા અને હું તેઓ વાસ્તે દુનિયામાં ખૈર ચાહતો હતો કે, તેઓ મારા જેવી ગલતીઓ ન કરે તે પહેલા કે તેઓ કબરમાં કૈદી બની જાય. **મરવું કોઈને પસંદ નથી, મૌત ઘણી જ કડવી છે, પણ સાથે તે હક્ક છે, તે આવશે જ અને જે વક્ત આવશે તો કોઈ તેનો ઈન્કાર કરી શકશે નહીં.** હું હમણા દુનિયાની મંઝિલ પર હતો પણ આ મૌત આવી કે ઈન્કેલાબ આવી ગયો અને હવે હું આખેરતની મંઝિલ પર છું. મારા અહલ મૌતથી ગાફિલ છે, તેથી તેઓને દુનિયાની મંઝિલ પોતાના તરફ ખેંચી રહી છે.

મંઝિલે દુનિયાને અપનાવવા સઘલા મારા અહલ અને રિશ્તેદારો મારી કબરથી વદાઅ થઈ ગયા. મારા અહલે મારા વાસ્તે મારા જનાઝા પર નમાઝ પઢીને પોતાનું છેલ્લું ફરઝ અદા કીધું. મારી હર વક્ત ઉમ્મીદ બાકી રહી કે, મારા અહલ મારી દૌલતમાંથી મને સવાબમાં દાખિલ કરવા ખર્ચ કરશે. મારો નફ્સ મારા જિસ્મમાં પાછો આવતો અને મારા અહલ જે વક્ત દોઆ કરવા મારી કબર પર આવતા તો મને અફસોસ રહી જાતો કે, કાશ! હું પણ આ લોગો સાથે પાછો જાઉં અને કઈ ખૈર યા ભલાઈ કરીને આઉં. આ જ ખયાલમાં હતો કે, મારી કબરના એક ગોશા માંથી નિદા આવી કે, "અય શખ્સ! હવે માટીના આ અંધારા ઘરમાંથી નિકલીને બાહર જાવું નામુમ્કિન છે અને આ આયતે કરીમહ પઢી જે સૂરતુલ મુમેનૂનમાં છે. "**કલ્લા ઈન્નહા કલેમતુન હોવા કાઈલોહા, વમિમ વરાએહિમ બરઝખુન ઈલા યૌમે યુબ્અસૂન**", યાઅની જે શખ્સ એમ ચાહશે કે મૌત બાદ એ ખુદાના નઝદીક મોહલત માંગે અને કહે કે, હું પાછો દુનિયામાં જઈને નૈકી કરૂં, તો એને હરગિઝ એક લમ્હો પણ મોહલત આપવામાં આવશે નહીં. એનો આ ફક્ત કૌલ છે, હકીકતમાં એને એક વાર શું હઝાર વાર દુનિયામાં પાછો મોકલવામાં આવે તો પણ એ કોઈ ખૈર કરીને આવનાર નથી. એના પાછલ તો એક આડ છે જે કેયામતના દિન તક રહેશે, જે વક્ત લોગોને કબરોં માંથી ઉઠાડવામાં આવશે. **કબર એક એવી આડ છે, બરઝખ છે જે કાફિરોં વાસ્તે જહન્નમનો ખાડો બની જાશે અને મુમેનીન વાસ્તે જન્નતની કિયારી બની જાશે.** ગુનાહગારને કેયામત તક આ બરઝખમાં અઝાબ ઉઠાવવાનો રહેશે, ન કોઈ એનો શફાઅત કરનાર હશે, ન કોઈ રહેમ કરનાર હશે. હર શખ્સનો અંજામ એના ઈમાન

(બકીયાહ પેજ નં. ૧૩ પર)

**અકીદા, અમલ, દોઆ, ફાઝિલ દિન-રાત, રસમ વગૈરા વાસ્તે મુમેનીન " અસ-સહીફતુત તૈયેબીયાહ " ને દેવડી પરથી હાસિલ કરીને ગૌરથી પઢે.**

**નોંધ :** મિશ્કાતુલ-હાદીના માતહત શાયેઅ થયેલી મૌલાના અલી (અ.સ.) ના કસીદાઓની, સૈ.ફખરૂદ્દીન સાહબ (ક.રૂ.) ની બૈતોના મજમૂઆની તેમજ અહલુલબૈત (અ.સ.) ના નૌહાઓની અને મરસીયાઓની **CD** મુલ્લાં ઈબ્રાહીમભાઈ (વડોદરામાં) અને મુલ્લાં સિરાજભાઈ (મુંબઈમાં) થી કારેઈન હાસિલ કરી શકે છે. આ ભાઈઓના ફોન નંબર નીચે આપેલા છે.

**સાલાના લવાઝેમાત (Yearly Subscription)**
**₹ ૧૦૦/- (પોસ્ટેજ સાથે)**
મેનેજર :- **મુલ્લાં ઇબ્રાહીમ ટી. બરોડાવાલા**
નાઝ બોક્ષના ઘરને બાજુમાં, બદરી મોહલ્લા,
વાડી, વડોદરા - ૩૯૦ ૦૧૭. ફોન : ૯૯૦૪૨૨૧૦૯૦.
મુંબઈમાં લવાઝમ લેનાર :- **મુલ્લાં સિરાજઅલી અત્તરવાલા**
(નફીસ, મુંબઈ) ફોન : ૯૯૩૦૩૨૧૪૪૦. ★